સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સત્તા-સંપતિ હતાં ત્યાં સુધી ફોલી ખાધું!
કરે રાખ્યું હાજી-હા, નમતું તોલી ખાધું!
હવે જોકર-ત્રેવીસ થાય નિમક-હરામ -
જાગ્યા છે હવે કુંભકર્ણો, ખૂબ ઠોલી ખાધું!
(સિત્તેર વર્ષ પછી - હવે આંખ ખૂલી : જી-૨૩)

હાઈકુ

કાંગી બળવો!
ડૂબતી નાવ જોઈ -
ભાગ્યા ઉંદરો...

સત્તાના ભૂખ્યા
'ગુલામ' નબીઓ ને-
આવ્યું છે જ્ઞાન...

ચિંતન

અવશ્ય : યાતરશ્ચિરતરમુષિ ત્વાપિ વિષયા
વિયોગે કો ભેદસ્ત્યજતિ ન જતો યત્ સ્વયમમૂન્ ।
વ્રજન્ત : સ્વાતંત્ર્યાદ તુલ પરિતાપાય મનસઃ
સ્વયં ત્યકતા હર્યતે શમસુખ મનન્તં વિદ્ધતિ ॥

ઉપરોક્ત શ્લોકો વૈરાગ્ય શતકમાંથી લેવામાં આવેલ છે.

વિષયોને છોડો કે ન છોડો, તે છૂટવાના જ છે. કારણ કે જ્યારે ભોગવવાની શક્તિ નહી રહે ત્યારે વિષયો છોડવા જ પડશે પણ ત્યારે અનહદ દુઃખ થશે, કારણ કે તમારી મજબૂરીથઈ તમારે વિષયો છોડવા પડ્યો. પણ એ જ વિષયોને જો તમે સમજી વિચારીને પોતાની ઈચ્છાથી છોડો તો તેમાં આનંદ-સુખ થાય. ઈચ્છાથી છોડેલા વિષયો સંયમ કહેવાય, તેનો આનંદ હોય, માટે તમારી લાચારીથી વિષયો ચાલ્યા જાય તેના પહેલાં તમે જાતે જ તેને છોડો જેથી આનંદ થાય.

સુવિચાર

- સત્સંગથી વિવેક પ્રગટ થાય છે અને સંતસંગથી વિવેક વર્ધન થાય છે - **મોરારિ બાપુ**
- ઈન્દ્રિયો માણી શકે એ આનંદ, અંતર પામે એ સુખ - **જીવન પાથેય**
- ક્ષમા કરે તે શૂરા, ધૃણા કરે તે બૂરા - **એસ. ભટાચાર્ય**
- કેવળ 'મશીન પ્રિય' બનવાને બદલે 'મિશન પ્રિય' બનો, નહિતર તમારી જિંદગી પણ મશીન જ બની જશે - **રોહિત શાહ**
- વૈરાગ્ય વિવેક જન્મ હોવું જોઈએ, પરિસ્થિતિ જન્ય નહીં - **જીગ્નેશ દાદા**
- અજવાળાં પાથરે તે આદિત્ય, જીવન સંવારે તે સાહિત્ય - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ચપટી કપૂરને વાટી ગુલામ જળમાં મેળવી નાકમાં ટીપા પાડવાથી રક્તપિત્ત રોગ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રશિયાની મોસ્કો યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ કરવા ગયેલા એક વિદ્યાર્થીનો અનોખો અનુભવ. રશિયામાં મોટાભાગની પરિક્ષાઓમાં પાંચમાંથી માર્ક આપવાની સિસ્ટમ છે. કોઈ વિદ્યાર્થી સાવ કોરું પેપર આપે તો પણ એને ત્યાંના તપાસનાર પ્રોફેસર પાંચમાંથી ૨ માર્ક આપે છે. આ બાબતે પૃછા કરતાં ત્યાંના પ્રોફેસરે જણાવ્યું. 'તમે કોઈ વ્યક્તિને '૦' ઝીરો કેવી રીતે આપી શકો? જે વિદ્યાર્થી સવારમાં સાત વાગ્યે ઉઠી, આટલી કડકડતી ઠંડીમાં બસ, ટ્રેન પકડી પરીક્ષા આપવા આવે છે. અને દરેક પ્રશ્નને વાંચી સોલ્વ કરવાની કોશિશ કરે છે. તમે તે વિદ્યાર્થીને ઝીરો કઈ રીતે આપી શકો કે જે રાતોના ઉજાગરા કરીને વાંચે છે, પૈસા ખર્ચીને પેન-પાઠ્યપુસ્તકો - કોમ્પ્યુટર વગેર લાવે છે? તે પોતાના તમામ શોખ-લકઝરી - આરામ બાજુ પર મુકીને માત્ર અભ્યાસ પર ધ્યાન આપે છે.' પ્રોફેસરે આગળ કહ્યું, 'ભલે વિદ્યાર્થીઓએ એક પણ પ્રશ્ન અટેન્ડ ન કર્યો છતાં એને ઝીરો નથી આપતા. કારણ કે એ વિદ્યાર્થી એટલીસ્ટ એક જીવંત વ્યક્તિ છે. તેને આપણે રિસ્પેક્ટ આપવી જ જોઈએ. તેનામાં મગજ છે અને તેણે સક્રિય રહી કોશિશ પણ કરી છે.' આ પરિણામ છે તે માત્ર આ પરિક્ષાના પૂછાયેલા પ્રશ્નોનાં જવાબ પૂરતી જ નથી આપણે તેને તેની મહેનત માટે બિરદાવવો પણ છે અને સન્માન પણ આપવાનું છે. ઝીરો આપવાથી વિદ્યાર્થીનું મોટીવેશન ખતમ થઈ જશે. અને ભવિષ્યમાં શિખવાનું માંડી વળશે. એકવાર એના પ્રગતિપત્રકમાં ઝીરો લખાઈ જશે એટલે એ મનોમન સ્વીકાર લેશે કે તે આ વિષયને લાયક નથી અને વધુ પ્રયત્ન કરવાનું છોડી દેશે.' આ બોધકથા આપણી એજ્યુકેશન સિસ્ટમ અને શિક્ષકમિત્રોને સમર્પિત છે.

નાણાંમંત્રીની ચતુરાઈ દેખાઈ આવે છે...

તંત્રીસ્થાનેથી...

કોરોનાના કપરાકાળ બાદ રજૂ થયેલ અંદાજપત્ર ગળચટુ લાગે છે. નવરા કરવેરા પણ નહીં અને કોઈ રાહત પણ નહીં, આમ છતાં વિકાસયાત્રાનો ધમધમાટ પણ ખરો અને નવી રોજગારી આપવાના વચનો પણ. કોરોનાના કારણે વ્યક્તિગત આર્થિક પ્રવૃત્તિ પર ભારે ફટકો પડ્યો હોવાના કારણે કોઈ કરવેરા લાધ્યા નથી એવી નાણામંત્રી નીતિનભાઈ પટેલની જાહેરાત સ્વાભાવિક પણ છે અને આવકારદાયક પણ છે. પરંતુ સાથોસાથ નાણામંત્રીએ ચતુરાઈ વાપરીને કોઈ રાહતો પણ આપી નથી. બજેટનું કદ ચોક્કસ વધાર્યું છે. ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડના બજેટમાં ૫૮૭.૮૮ કરોડની પુરાણનો અંદાજ ચીવટપૂર્વકની મહેનતની ચાડી ખાય છે પરંતુ સાથોસાથ શહેરના જાહેર દેવામાં પણ જંગી વધારો થતો જાય છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી ગુજરાતમાં જાહેર દેવું વધતું જાય છે. ૫ વર્ષમાં ૨૨ લાખ યુવાનોને રોજગારી આપવાનું વચન અઘરું લાગે છે. પરંતુ 'વચનામ્ કીમ દરિદ્રમ્' એ ન્યાયે કોરોના કાળથી વ્યથિત અને પીડિત વર્ગને નોકરીઓનું આશ્વાસન મલમપટ્ટા જેવું લાગે છે. અંદાજપત્ર તૈયાર કરવાની કુશળતા નીતિનભાઈએ પણ પ્રાપ્ત કરી લીધી છે. જશવંત મહેતા કે સનત મહેતા, મનોહરસિંહજી જાડેજા, બાબુ મેઘરજી શાહ જેવા અનેક મહારથીઓના પગલે વર્તમાન નાણામંત્રી પણ વિવિધ યોજનાઓને નવી ચેતના આપવા આવકારદાયક ફાળવણી કરી છે. જેવી કે મેટ્રો રેલ યોજના, ગિફ્ટ સીટી યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સોલાર રૂફટોપ યોજના, પ્રવાસન અને માર્ગ-મકાન વિભાગની યોજનાઓમાં સારી એવી જોગવાઈ દ્વારા વિકાસને જોમ અને જુસ્સો આપવાની નેમ અંદાજપક્ષમાં ડોકાય છે. મુખ્યમંત્રીના અભિપ્રાય મુજબ આ અંદાજપત્ર રાજયને ઉત્તમથી સર્વોત્તમ માર્ગે લઈ જશે. જયારે કેટલાંક વિપક્ષી આગેવાનો રાજયમાં દેવું વધવાની દહેશત વ્યક્ત કરે છે. તે પણ એટલી જ સાચી છે. સાથોસાથ પેટ્રોલ - ડિઝલ, વેટ અને વેરા નહીં ઘટાડવાની જાહેરાત મધ્યમ વર્ગ પર વધુ એક તમારો માર્યો હોવાનું સ્પષ્ટ દેખાય છે. કોઈ પણ નાણાંમંત્રી જયારે જયારે અંદાજપત્ર બનાવે ત્યારે રૂપાળી યોજનાઓ કાગળ ઉપર દોરે છે સાથોસાથ મધ્યમ વર્ગની સ્થિતિ નો કોઈ વિચાર નથી કરતું એમ ચોક્કસ માની શકાય તેમ છે. અંદાજપત્રમાં આંકડાની માયાજાળ કયારેક રૂપાળી લાગે છે પરંતુ વાસ્તવિતા કંઈક અલગ જ હોય છે. કાગળ ઉપરની યોજનાઓનો અમલ કેટલો યોગ્ય અને કેટલા સમયસર થાય છે તેના ઉપર સરકારની લોકપ્રિયતાનો આધાર છે. અંદાજપત્ર તો હંમેશા આવકારદાયક જ હોય છે પરંતુ અમલીકરણમાં ધાંધિયા હોય છે. સાત દાયકાની આઝાદી બાદ પર અને ગુજરાતના સાડા પાંચ દાયકાના આયખા બાદ શિક્ષણ-આરોગ્ય અને આંતર માળખાકીય સુવિધાઓમાં કેટલા ઊણા છે એ તો અનુભવે જ ખબર પડે છે. આજે પણ રાજયમાં કેટલાય માર્ગો ભંગાર હાલતમાં છે, કેટલીય શાળાઓના ઓરડાઓ જર્જરીત દશામાં છે અને કેટલાય દવાખાના ડૉકટર વિના સુના સુના છે. કેટલાય કીલો અનાજ ગોડાઉનોમાં સડ્યા કરે છે. કેટલીય પાઈપલાઈનો અને કેનાલો તૂટયા પાણીનો વેડફાય થાય છે. આ બધું જ પ્રજા સગી આંખે જુએજ છે... હા...! જેટલી જોગવાઈઓ થાય છે તેના કરતાં અમલીકરણ ઓછું થાય છે તેમ સ્વીકાર્ય બાદ પણ ગુજરાત વિકાસશીલ રાજય છે એમ કહેતાં સંતોષ અનુભવાય છે.

શિવમહિમાનું મંગલ ગાન

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સંસ્કૃતમાં આચાર્ય પુષ્પદન્ત (ઈ.સ. આઠમી સદી)નું 'શિવમહિમ્નઃ સ્તોત્ર' છે. તેમાં શિવમહિમાનું

ગાન છે; તેની જેમ ગુજરાતીમાં પણ 'શિવ બાવની' છે. બાવન પંક્તિમાં શિવમહિમાનું મંગલ ગાન છે.

(૧) અંત પછીનો દોહરો

પાઠ કરે જે પ્રેમથી, સદાય પ્રાતઃકાળ,
રામભક્ત તેનો જગે, થાય ન વાંકો વાળ.

(૨) આરંભ

શિવ મહિમાનો નાંવે પાર, અબુધ જનની થાયે હાક,
સુર બ્રહ્મા પણ કાયમ ગાય, છતાંય વાણી વટકી જાય.

(૩) અંત

પાર કહો શી રીત પમાય, રામભક્ત થી ગુણલા ગાય,
પાઠ કરે તે પુનિત થાય, જન્મ-મરણનું ચક્કર જાય.

(૪) નામ - કવિ એ પોતાનું નામ આપ્યું નથી. પોતાની ઓળખ 'રામભક્ત' તરીકે આપે છે.

(૫) જેનામાં જેવું છે જ્ઞાન, તે જ રીતે તે ગાયે ગાન,
હું પામ અલ્પામતિ અનુસાર, ગુણલા તારા ગાવું અપાર.

●●●

મંદમતિ હું તારો બાળ, પીરસવા ચાહું રસથાળ.

(૬) સ્વરુપ

ભસ્મ શરીરે પારાવાર, અદ્‌ભૂત તારો શણગાર,
ફણીધર ફરતા ચારેકોર, વનચર કરતાં શોર બકોર.
નંદી ઉપર થાયે સ્વાર, ભૂતપ્રેતનું સૈન્ય અપાર,
બીજચંદ્ર છે ઠંડોગાર, ત્રિશૂળનો જબરો ચમકાર.
શિર પર વહેતી ગંગાધાર, ત્રીજું લોચન શોભે ભાલ.

(૭) વિશ્વવ્યાપીતા :

પૃથ્વી તારો રથ કહેવાય, સૂર્ય શશી ચક્રે સોહાય.

●●●

અગ્નિ સૂર્યને પવન શશી, આપ રહ્યા છો વ્યાપક વસી.
ગગનધારા વારિ તમ રૂપ, કહાવે વિશ્વ સકળના ભૂપ.

(૮) શરણાગત ઉપર કૃપા, પોતાને શરણે આવે એના પર કૃપા વરસાવે. જેમ કે -

હરિ તમારું પૂજન કરે, સહસ્ત્રકમળને શિર પર ધરે,
ચઢાવતાં ખૂટ્યું છે એક, નયનકમનથી રાખી ટેક,
દીધું સુદર્શન ભાવ ધરી, સ્નેહ થકી સ્વીકારે હરિ.

(૯) ભોળાનાથ

ભોળા માટે ભોળો થાય, સંકટ સમયે કરતો સહાય.
શરણાગતના સુધરે હાલ, સંપત આપી કરતો ન્યાલ.

(૧૦) સ્તુતિ

ધરતી સારી કાગજ થાય, સમુદ્ર શાહી થઈ રેલાય.

લેખન થાય બધી વનરાય, તો પણ શારદ અટકી જાય. આ રીતે 'શિવ બાવની' માં કવિ 'રામભક્ત' એ સાદી અને સરળ ભાષામાં શિવમહિમાનું મંગલગાન કર્યું છે.

ખોરાકને રાંધવાની પ્રક્રિયામાં કયા તત્ત્વો મોટાભાગે નાશ પામે છે ?

ખજાનો
અનિલ પટેલ

સામાન્ય વિજ્ઞાન

૧ એરોનોટિક્સ શાનું વિજ્ઞાન છે?
(અ) અવકાશ ક્ષેત્રનું (બ) ઉડ્ડયનને લગતું
(ક) હવામાનને લગતું (ડ) સમુદ્રી વિજ્ઞાન

૨ નીચેનામાંથી કયા પદાર્થમાં એક ગ્રામમાં સૌથી વધુ કેલરી હોય છે ?
(અ) પ્રોટીન (બ) વિટામીન
(ક) ચરબી (ડ) ખનીજ તત્વ

૩ ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત કોણે આપ્યો ?
(અ) ડાર્વિન (બ) લેમાર્ક
(ક) હ્યુગો દ ક્રિસ (ડ) ડૉ. ખુરાના

૪ બીસીજીની રસી કયા રોગ સામે રક્ષણ આપે છે ?
(અ) મેનેન્જાઈટીસ (બ) કમળો
(ક) મેલેરિયા (ડ) ક્ષય

૫ વિકસતા છોડને શેની વધારે જરૂર પડે છે ?
(અ) કેલ્શિયમ (બ) નાઈટ્રોજન
(ક) એમોનિયા (ડ) ફોસ્ફરસ

૬ નીચેનામાંથી કયું અશ્મિ બળતણ નથી ?
(અ) બાવળનું લાકડું (બ) ખનીજ કોલસો
(ક) પેટ્રોલિયમ (ડ) કુદરતી વાયુ

૭ નીચેનામાંથી કયું ઝાડ જંતુનાશક તથા દવા અને સાબુ જેવી વસ્તુઓ બનાવવા ઉપયોગી છે ?
(અ) વડ (બ) પીપળો
(ક) લીમડો (ડ) નીલગીરી

૮ નીચેનામાંથી કયુ સ્ત્રીલીંગ હોર્મોન છે ?
(અ) એસ્ટ્રોજન (બ) એન્ડ્રોજન
(ક) ઓક્સીસીટીન (ડ) ઈન્સયુલીન

૯ આંગળીઓની છાપ પરથી વ્યક્તિઓની ઓળખનું વિજ્ઞાન કયું ?
(અ) પોલીગ્રાફી (બ) કેકટીલોગ્રાફી
(ક) સેન્ટ્રોગ્રાફી (ડ) ડેમોગ્રાફી

૧૦ નીચેનામાંથી કયો વાયુ પ્રદૂષણકર્તા છે ?
(અ) ઓક્સિજન (બ) નાઈટ્રોજન
(ક) ઓર્ગોન (ડ) સલ્ફર ડાયોકસાઈડ

૧૧ ધ્વનિ ઉર્જાને વિદ્યુત ઊર્જામાં પરિવર્તિત કોના દ્વારા થાય છે ?
(અ) માઈક્રોફોન (બ) ડાયનેમો
(ક) વિદ્યુત મોટર (ડ) સ્પીકર

૧૨ ખોરાકને રાંધવાની પ્રક્રિયામાં કયા તત્ત્વો મોટાભાગે નાશ પામે છે ?
(અ) પ્રોટીન્સ (બ) વિટામીન
(ક) કાર્બોહાઈડ્રેટ્સ (ડ) ચરબી

૧૩ દારૂ પીવાથી વ્યક્તિના શરીરના કયા ભાગ પર અસર થાય છે ?
(અ) સેરીબ્રમ (બ) હાયપો થેલેમસ
(ક) સેરીબેલમ્ (ડ) મેડ્યુલા

૧૪ યુરેનિયમનો ઉપયોગ શા માટે થાય છે ?
(અ) ઈસ્પાત (બ) ઈલેકટ્રોનિક્સ
(ક) તેલ સંશોધન (ડ) ઉર્જા ઉત્પાદન

૧૫ માનવ શરીરના નખ શાના બનેલા હોય છે ?
(અ) પ્રોટીન (બ) કેરોટીન
(ક) આર્યન (ડ) હિમોગ્લોબીન

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૫ માર્ચ :
  - મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણનો જન્મદિવસ (૧૯૫૯)
  - અમેરિકન સ્પેશ પ્રોબ વોયેજર ગુરુના કેટલાક ગ્રહો તથા નવ જેટલા જવાળામુખીનું નિરીક્ષણ કર્યું (૧૯૭૯)
  - ચીનના જાણીતા મહિલા રાજનેતા સુંગ-મેઈ-લીંગનો જન્મદિવસ (૧૮૯૭)
  - વેનેઝુએલાના લોકપ્રિય રાષ્ટ્રપ્રમુખ હુગો ચાવેઝનું અવસાન (૨૦૧૩)
- ૬ માર્ચ :
  - ઈજિપ્ત સરકારે ૧૪મી સદીના રાજા તુતનખામેનના મમીને ખુલ્લું કર્યું (૧૯૨૪)
  - સોવિયેટ અવકાશયાત્રી વેલેન્ટીના તેરેસ્કોવાનો જન્મદિવસ (૧૯૩૭)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગનના પત્ની નેન્સી રેગનનું અવસાન (૨૦૧૬)
  - ટોરેન્ટો કેનેડાનું ફાઈનાન્શિયલ અને કોમર્શિયલ સેન્ટર બન્યું (૧૮૩૪)
- ૭ માર્ચ :
  - સાહિત્યકાર બાલમુકુંદ દવેનો જન્મદિવસ (૧૯૧૬)
  - અમેરિકન સિવિલ રાઈટ્સ પોટેસ્ટર પર સેલ્મા - અલમ્બામાં એટેક કેરવામાં આવ્યો (૧૯૬૫)
  - અમેરિકાની જાણીતી રેસકાર ડ્રાઈવર જેનેટ ગુથેરીનો જન્મદિવસ (૧૯૩૮)
  - એલેઝાન્ડર ગ્રેહામ બેલ ટેલિફોનના પેટન્ટ કરાવ્યા. (૧૮૭૬)
- ૮ માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ
  - જાણતા રશિયન સ્કેટર લિડિયા સ્કોબ્લીકોવાનો જન્મદિવસ (૧૯૩૯)
  - મલેશિયાના કોલાલમ્પુરથી બેઈજીંગ જતું વિમાન અદૃશ્ય થયું (૨૦૧૪)
  - અમેરિકન બેઝબોળ પ્લેયર જોઈ ડિમાગીયોનું અવસાન (૧૯૯૯)
  - ન્યુયોર્ક સ્કોટ એક્ચેન્જની શરુઆત થઈ (૧૮૧૭)
- ૯ માર્ચ :
  - સાહિત્યકાર નવલરામ પંડ્યાનો જન્મદિવસ (૧૮૩૬)
  - અમેરિકામાં મોનીટોર અને વર્જીનિયામાં ગૃહયુદ્ધ થયું (૧૮૬૨)
  - સોવિયેટ અવકાશયાત્રી યુરી ગાગારીનનો જન્મદિવસ (૧૯૩૪)
  - અમદાવાદના ક્રિકેટર પાર્થિવ પટેલનો જન્મદિવસ (૧૯૮૫)
- ૧૦ માર્ચ : વિશ્વ કિડની દિવસ
  - અકબરે 'દીને ઈલાહી' ધર્મની સ્થાપના કરી (૧૬૫૬)
  - કેનેડાના પૂર્વ પ્રમુખ કિમ કેમ્બેલાનો જન્મદિવસ (૧૯૪૭)
  - ઈસરોના પૂર્વ ચેરમેન યુ.આર. રાવનો જન્મદિવસ (૧૯૩૨)
  - નાશાનું માર્સ રેકોનીએશન્સ ઓર્બીટર મંગળના પરિભ્રમણ કરીને મંગળ પર પાણીના સંકેતો મોકલ્યા (૨૦૦૬)
- ૧૧ માર્ચ :
  - વડોદરાના લોકપ્રિય રાજવી સયાજીરાવ ગાયકવાડનો જન્મદિવસ (૧૮૬૩)
  - આંદામાન - નિકોબારનો સ્થાપના દિવસ (૧૧ માર્ચ)
  - જાપાનમાં ધરતીકંપ અને સુનામીએ વિનાશ વેર્યો (૨૦૧૧)
  - અમેરિકન એકટ્રેસ ડેરોથોગીશનો જન્મદિવસ (૧૮૯૮)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

પોંડીચેરીના એલ.જી. તરીકે હાલમાં કોને ચાર્જ આપવામાં આવ્યો છે ?
જવાબ : તમિલિસાઈ સોંદરારાજન

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૪) પંકજ પટેલ : કુડાસણ (૫) મીત પટેલ : સે-૨૩ (૬) ઋજિત રાવલ : સે-૭ડી (૭) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૯) શિવાંગ બી પટેલ : સરગાસણ (૧૦) રુચિત એ પટેલ : રાંદેસણ

આ સપ્તાહનો સવાલ

તમિનલાડુમાં કયા પક્ષની સરકાર છે ? અને તેના મુખ્યમંત્રી કોણ છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વૃદ્ધોનો પાર્ટ ટાઈમ બિઝનેસ!

હળવે હૈયે
પ્રકાશ લાલા

'ઘરડા ગાડાં વાળે' એવી આપણે ત્યાં કહેવત છે. એવું મનાય છે અને અનુભવે સાબિત પણ થયેલ વાત છે કે ગમે તેવી ગૂંચ - ગમે એવા પ્રશ્ન - મુશ્કેલીનો હલ ઘરડી - વયસ્ક વ્યક્તિ કાઢી આપી શકે છે - ઘોંચમાં પડેલા ગાડાને બહાર કાઢી આપવાનો રસ્તો એ બતાવે છે... પરંતુ આ કામ માત્ર ઉંમરના વધવાના લીધે જ વયસ્ક - ઘરડી બનેલ વ્યક્તિ નહીં પણ જે અનુભવ વૃદ્ધિથી વૃદ્ધ અને પ્રેક્ટિલ નોલેજ - વ્યવહારું જ્ઞાનથી સમૃદ્ધ બનેલ ઘરડા જ કરી શકે છે...

'ઘરડા ગાડાં વાળે' માટેનું એક દૃષ્ટાંત જોઈએ. બે સગા ભાઈ.... એક જબરો ને બીજો ઢીલો. પિતા ગુજરી ગયા એટલે જબરો ભાઈ કહે 'આપણે બાપાની મિલકતના ભાગ પાડી દઈએ.... ઢીલો ભાઈએ કહ્યું કે, 'ભાઈ તું કહે એમ.' ઘરના બે ભાગ કર્યા, થોડી ઘણી મૂડી હતી એના ભાગ પાડ્યા. બધામાં એણે 'ચીટીંગ' કર્યું.

બાપા એક ભેંસ મૂકી ગયેલા. જબરો કહે : આનાય બે ભાગ કરીએ... 'જા, ભેંસનો આગળના ભાગ તારો ને પાછળનો ભાગ હું રાખીશ, બસ.' ઢીલા ભાઈ ખશ થયો કે મારા ભાગે ભેંસનું મોં-માથું એમ આગળનો હિસ્સો આવ્યો છે...' પણ એની આ ખુશી ઝાઝી ટકી નહીં.... કેમ કે ભેંસને ચારો ખવડાવવાનું - પાણી પીવડાવવાનું વૈતરું રોજ એને કરવું પડતું ને... જબરો ભાઈ પાછલા ભાગનો માલિક તે સવાર-સાંજ ભેંસને દોહી લઈ દૂશ વેચી આવે ને કમાણી કરે.... ઢીલાભાઈએ ફરિયાદ કરી તો પેલો કહે : 'ભાગ એટલે ભાગ.. તારા ભાગમાં જે આવ્યું તે તારું, મારા ભાગનું મારું!'

ઢીલો ભાઈ તો મૂંઝાયો - ઉદાસ થઈ ગયો... એક દિવસ એને એક વડીલ વૃદ્ધ સગા મળ્યા. ઉદાસીનતાનું કારણ પૂછ્યું. ઢીલાએ બધી વાત કરી... વૃદ્ધે હકીકત સાંભળી લીધા પછી ઢીલા ભાઈન કાનમાં કંઈક કહ્યું...

બીજી સવારે જબરો ભાઈ ભેંસ દોહવા બેઠો કે તરત ઢીલાભાઈએ ભેંસને મોં ઉપર એક લાકડી મારી... ભેંસ, ભડકી, પાછળા પગે ઉછળી... જબરાભાઈનું દૂધનું બોઘરણું કયાંય જઈને પડ્યું ને એનેય પેટમાં લાત વાગી...

'અરે... અરે, તું આ શું કરે છે ? ભેંસને કેમ મારે છે?' જબરાભાઈએ દુઃખથી કણસતાં ને ગુસ્સાથઈ પૂછ્યું... તો ઢીલાએ શાંતિથી ઉત્તર આપ્યો : 'ભેંસનો આગળનો હિસ્સાનો માલિક હું છું ને? ત્યાં મારું મને ફાવે તે કરું...' જબરાને સમજાઈ ગયું કે હવે પોતાની ચાલાકી - ચીટીંગ કામ નહીં લાગે... ઢીલા સાથે સમાધાન કર્યું કે સવારે એ ભેંસ દોહીને દૂદ લે જે સાંજે પોતે.

જોયું... 'ઘરડા ગાડાં વાળે...' - તે આનું નામ... પણ જે જરૂર હોય કે ના હોય બોલ્યા કરે, જયાં ત્યાં વાતમાં વચ્ચે કૂદી પડે, દરેક વાતમાં ચંચૂપાત કરવાની કુટેવ ધરાવતા હોય એવા વૃદ્ધ - ઘરડા નહીં પરંતુ માગવામાં આવે ત્યારે જ પોતાની સોનેરી સલાહ આપવાનું ધૈર્ય, ડબડબ નહીં કરવાનો સંયમ તથા દોઢડહાપણ નહીં ડહોળવાની સુટેવ ધરાવતા હોય તેવા જ ઘરડાઓ 'ગાડાં વાળવા' સમર્થ હોય છે... બાકી તો કેટલાય ઘરડા 'ગાડાં વાળવા'ને બદલે 'ગાંડા કાઢતા' જોવા કયાં નથી મળતા! બેમતલબ બોલ્યા કરતા, પોતાના જમાનાની અને પોતે 'આમ કર્યું હતું ને તેમ કર્યું હતું' ની વાતો કર્યા કરતા ઘરડા લોકોથી બધા આઘા ભાગતા હોય છે.

હમણાં એક ૯૩ વર્ષના વડીલ મળ્યા. આ ઉંમરેય સંપૂર્ણ સ્વસ્થ. ટૂ વ્હીલર ઉપર જાતે ફરતા એ વડીલે કહ્યું કે 'હું પાર્ટ ટાઈમ ધંધો કરું છું. મારી પાર્ટ ટાઈમ બિઝનેસમાં મૂડી રોકાણ મારું, મહેનતે ય મારી.... એના પાર્ટનર ફેમીલી મેમ્બર્સ.'

'વાહ... આ ઉંમરે તમે બિઝનેશ કરો છો... સારું કહેવાય..' અમે આશ્ચર્ય વ્યક્ત કરી પૂછ્યું : 'તમે શાનો બિઝનેસ કરો છો?'

'હું બે ટાઈમના સરખા રોટલાનો ખર્ચ નીકળી જાય તે પછીની મારી બચતમાંથી સમાજની જરૂરિયાતવાળી વ્યક્તિ - પરિવારોને ટેકો કરું છું... જાતે સ્કૂટર ઉપર ફરતો રહું...' ભૂખ્યાને જમાડું.... કોઈ પરિવારનાં બાળકોની સ્કૂલની બાર મહિનાની ફી ભરી દઉં, તો કોઈને ઘરનાં અનાજ ભરી આપું... સિવિલ હોસ્પિટલમાં જાઉં ને ગરીબ દર્દીઓને દવા-ફૂટ ખરીદી આપુ... આ મારો પાર્ટ ટાઈમ બિઝનેશ છે. આનાથી એમની આંખોમાં જે ખુશી આવે છે, મોં ઉપર જે પ્રસન્નતા છવાય છે અને 'ભાઈ, તમારું ભલું થજો.. તમારો પરિવાર સદા સુખી રહેજો.' એવા એમના જે આશીર્વાદ મળે છે ને એ જ મારો અને મારા પાર્ટનર્સ પરિવારજનોનો નફો કહેવાય કે નહીં?'

વડીલની વાત સાંભળીને લાગ્યું કે એમનો 'પાર્ટ ટાઈમ બિઝનેસ' જોરદાર છે પણ આપણી આસપાસ એવા ઘરડા જોવા મળે છે કે જેમનો 'પાર્ટ ટાઈમ બિઝનેશ' પારકી પંચાત, બીજાની ટીકા-નિંદા, ફરિયાદો, દરેક વાતમાં ખોડો કાઢવી, તબિયતનાં રોદણાં રડવા વગેરે હોય છે એનું શું? આવા 'બિઝનેસ' માંથી કોઈ નફો તો કયાંથી રળે, ઉલ્ટાનું બેલેન્સ માઈનસમાં જતું જાય છે એ સમજવાની મતિ આ વયે ન હોય એળા, જીવતા વયસ્કો 'ઘરડા' જ કહેવાય. 'વૃદ્ધ' - 'બુદ્ધ' નહીં ખોટું છે?